## રિસ્ક ઓન્લી મની !

મહાન હોટેલિયર - 'હોટેલ મેગ્નેટ' જેક




ડિબીરે Risk Only Moneyમાં પોતાના સાહસિક વ્યાપારી જીવનની સફળતા અને નિષ્ફળતાઓ પર અવલોકન કરીને બીઝનેસ - વર્લ્ડના દુર્ગમ પર્વતના શિખરે પહોંચવા માટે ખંત, પારાવાર પરિશ્રમ, 'કોમનસેન્સ' અને જીવનમાં બીજાને ઉપયોગી થઇને પણ 'પ્રેસ્ટિજ અને પાવર' બંને કેવી રીતે હાંસલ કરી શકાય તેની સુંદર પણ મર્મગ્રાહી વાતો પ્રકટ કરી છે. એની મિશિગન - બોર્ન માતાએ ડિગ્રી મેળવીને પબ્લિક સ્કૂલોમાં આર્ટ ટીચર તરીકે સેવાઓ આપી હતી. બાજુના કલામાઝૂ ગામડાના ખેતરોમાં જાંબુડિયા રંગના ફૂલોના છોડ ઉગાડાતા. શનિવારે સવારે વહેલો ઊઠીને જેક ત્યાં પહોંચતો. બેરલ ભરીને આ ફૂલો મિશિગનમાં તે ખેંચી લાવતો ને વેચતો. ધીમે ધીમે જેકે ત્રણ લેવલનું વેગન રેક બનાવી તેમાં તે ફૂલો લાવતો થયો અને 'પાન્સી સેલ્સમેન' તરીકે નામ કાઢ્યું. ડોલરનું એક નંગ ખરીદે અને ડોલર પર એક સેન્ટ વધારે લઈને હોલસેલમાં પેન્સીના ફૂલો તે વેચવા લાગ્યો ! દસ વર્ષના જેકના ખીસ્સામાં પૈસાનો ખણખણાટ આ પ્રમાણે શરૂ થયો. મહત્વાકાંક્ષી છોકરાએ સ્કૂલમાં 'બટરબીન' એક કપમાં વાવ્યું ને તેના અંકુરો ફૂટ્યા અને છોડ મોટો થયો તે જોયું. પોતાની એસેટ્સ વધારવાનું તેને મન થયું, પાન્સીના ધંધામાંથી બચેલા પૈસામાંથી 'પાવર મોઅર' ઘાસ કાપવાનું મશીન ખરીદી લોન કાપવાનો ધંધો શરૂ કર્યો. પણ 'ઘાસની એલર્જી'થી આંખો તથા નાક સૂજી ગયા ! હારે તો તે જેક નહીં. એણે મશીન બીજા સમવયસ્ક છોકરાઓને ભાડે આપવાનું શરૂ કર્યું. તે કહે છે : આન્ટ્રપ્રિન્યોર ક્યારે ય હતાશ બનતો નથી ! 'રેડી, એઇમ એન્ડ ફાયર' આ તેનો સિધ્ધાંત હતો. કલામાઝૂ સ્ટેટ હોસ્પિટાલમાં એણે મેગેઝીનો વેચ્યા. બીજા બાળકો તેમના પોકેટમની મિલ્કશેક, જેલોપીઓ અને ડોનટ્સ પાછળ ઉડાવી દેતા ત્યારે તે આવા ઇન્વેસ્ટમેન્ટ્સ કર્યા કરતો ! $૨૫૦ ડાઉનપેમેન્ટ કરીને મેળવેલું પહેલું મકાન એણે $૪૫૦૦માં વેચ્યું. કોઇના નીચે નહીં પણ પોતે પોતાના બોસ બનવવાની તમન્ના તે રાખતો. વેચાણમાં સફળતા મેળવવા 'ના' સાંભળવાની તૈયારી તે રાખતો. 'ડીલ' પાર પડે ત્યાર પછી તેનો ઉત્સવ ઉજવવો, તે પહેલા નહીં ! સેલનું ડીલ થયા પછી સેલીંગ ક્યારે ય ચાલુ ન જ રાખવું ! બીઝનેસ સ્ટ્રગલ થતું હોય ત્યારે ક્યારે બ્રેક મારવી તે સમજી લેવું. કોસ્ટસ ઘટાડવી. આવા તેના સિદ્ધાંતો હતા. તે કહેતો કે, ફેમિલી, પોતાની આબરૂ, સ્વમાન, મિત્રો સાથેના સંબંધો અને શરીર સ્વાસ્થ્ય પરના જોખમો ક્યારેય લેવા નહીં ! કેપિટલ રિસ્ક લેવા માટે છે, ફાયદો મેળવવા માટે છે. ક્યારેક ગુમાવશો તો નિરાશ થતાં પહેલાં ફરીથી મંડી પડશો તો ગયું તેનાથી ઘણું વધારે મેળવવા શક્તિમાન બનશો. ડિબીરને ક્રેડિટરો તરફથી દેણું ચૂકવો નહીંતર મારી નાખીશ' એવી ધમકી પણ મળી હતી. સક્સેસફુલ હોટલોની બ્રાન્ડ વિકસાવનાર જેકની આ સાહસકથા પ્રેરણાદાયક છે. મજાની છે. સાચી અને જીવંત કહાણી છે !

**Risk Only Money**. By Jack De Boer **Publishers. Rockhill Books.** ISBN: 978-1-61169-011-8. $ 19.95.

## યુસ્ટેસ કુટુંબના હીરા !



લિઝી યુસ્ટેસ જુઠું બોલતા અચકાતી નહીં. બેપરવાહીથી તે જૂઠાણું ચલાવતી અને એ પકડાતી નહીં. સફળતાની ચાવી તેણે સિધ્ધ કરી હતી ! સુંદર યુવાન વિધવા લિઝી યુસ્ટેસે એક બીજો નિર્ણય એ કર્યો હતો કે યુસ્ટેસ ફેમિલીના કબજામાં રહેલો નેકલેસ' કોઇપણ ભોગે તેના હાથમાંથી જવો જોઇએ નહીં ! એના 'બ્રધર - ઇન-લો'ના સોલીસીટરના અનેક કાવાદાવા અને સાચા કે ખોટા આરોપથી જરા પણ ગભરાવું નહીં તે તેનો નિર્ણય હતો. એનો કઝીન ફ્રેંક ટોરી MP હતો. બેરીસ્ટર તરીકે સફળ ભલે ન હતો. છતાં બેનને વફાદારીપૂર્વક તે મદદ કરવા માગે છે, પણ એની ફિયાન્સી લ્યુસી મારિસને એ વાત ગમતી નથી. એન્થની ટ્રોલોપે લખેલી આ ક્લાસિક કથાના બીજા પાત્રો છે : રૂઆબદાર અંડર સેક્ટરી ઓફ સ્ટેટ, એક સ્વાર્થી અમેરિકન, ભત્રીજી, એક રેડિકલ ઉમરાવ, કલ્પનાના રંગોથી રોમાંચક બનેલી, કાંઇક અંશે ડિટેક્ટિવ સ્ટોરી તરીકે રહસ્યમય પોલીટીકલ વ્યંગકથા છે આ કહાણી: ધ યુસ્ટેસ ડાયમન્ડસ ! વિક્ટોરિયન બ્રિટનના વાતાવરણને તેના સાચા અર્થમાં વાચકની સમક્ષ આ કથા દ્વારા રજૂ કરાયું છે. ૧૮૭૨ના વર્ષનું બ્રિટન તમને અહીં જાણવા મળશે.

**Eustace Diamonds:** By Anthony Trollope **Publishers: Oxford University Press.** ISBN: 978-0-19-958778-0. £9.99. $10.95.

## મામાઝ બોય !




સમર્થના જીવનની મોજમજા લૂંટાઈ ગઈ છે. ગર્લફ્રેન્ડને લખેલી 'ચીઠ્ઠી'- એનો પ્રેમપત્ર એની 'મોમ'ના હાથમાં આવી ચડ્યો! દસ વર્ષની ઉંમરે 'ગર્લફ્રેન્ડ'ની લતે 'મારો બાળ સમર્થ' ક્યાંથી ચડી ગયો? સામને થાય છે કે, મારા અંગત જીવનમાં માએ આ રીતે માથું મરાય જ કેમ ? મારાં બધા ભાઈબંધ- દોસ્તદારો મને ચીડવે છેઃ 'મામાઝ બોય !' સમર્થ ડેનીના મ્યુઝિકના ક્લાસમાં જાય ત્યારે થોડી રાહત અનુભવે છે ! તેને, હવે ખાતરી થઈ છે કે, 'સંગીત' માત્ર તેના જીવનનો સાચો માર્ગ છે.' માતા-પિતાને એને એન્જીનિયર બનાવવાની હોંશ છે. હવે તે ૧૬ વર્ષનો થયો ત્યારે પણ પોતાનો 'રાહ' પસંદ કરવાનો શુ તેને અધિકાર નથી? બળવો પોકારતું મન એને માતાથી દૂર જવાનું સૂઝાડે છે. ઘરથી ઘણે દૂરની હાઈસ્કૂલમાં તે જાય છે. અમી અને અમર જેવા સાથીદારો તેને મળે છે. પાર્ટી, રાતોના ઉજાગરા, પોર્ન, આલ્કોહોલ, પ્યાર, યુવાન છોકરીઓ સાથેની પ્રણયમસ્તી અને છેવટે 'સેક્સ!' શું શિસ્ત, ધ્યેય અને મહત્ત્વાકાંક્ષાઓને એણે હંમેશ માટે ત્યજી દીધા? જીવનનું હવે અંતિમ લક્ષ્ય શું ? સુભાશિષ દાસે આ નવલિકા : 'મોમ સેઝ નો ગર્લ ફ્રેન્ડ' યુવા વર્ગને લક્ષમાં રાખીને પ્રકટ કરી છે. યુવાન લેખકે ઔરંગાબાદ- ઈંડિયાની MIT Collegeમાંથી ઈલેક્ટ્રોનિક્સ વિષયમાં ડિગ્રી મેળવી છે !

**Mom Says : NO GIRLFRIEND! : By** Subhasis Das: **Publishers: Rupa & Co.** ISBN: 978-81-291-1703-8. Rs. 95.

## નામાંકિત પિતાઓ અને તેજસ્વી બાળકો




'પોપ્યુલર સ્ટાર કે સેલિબ્રિટીઓ'ના પુત્ર-પુત્રી હોવાથી તે બાળકો પણ માત-પિતાના પગલે એમના જેટલી કે જેવી સફળતાના શિખરે પહોંચી જ જશે એવું માની લેવાની જરૂર નથી. એવાં માત-પિતાના તેજસ્વી જીવનનાં પડછાયામાંથી બહાર નીકળીને આત્મતેજ ઝળકાવવા માટે એ બાળકોને ઘણી જહેમત કરવી પડે છે. એટલું સાચું કે કેટલાક તેજસ્વી જીન્સ ધરાવતા એવાં બાળકોને તેમના માતપિતાના પરાક્રમી જીવનમાંથી પ્રેરણા મળે છે. અને તેમના ચીંધેલા માર્ગ પર તેઓ સ્વપ્રયત્ને આગળ વધે છે. સ્પોર્ટના ક્ષેત્રના મહાતેજસ્વી મહંમદ આલિ અને લયલા આલી આવા પિતા-પુત્રી હતા. મહંમદ આલી અને પુત્રી લયલા બંનેમાં એક સરખો આત્મવિશ્વાસ હતો. ૨૦૦૭માં લયલા 'Daddy's Girl' ડોક્યુમેન્ટરીમાં ચમકી હતી. લયલાએ એની બોક્સીંગ કારકિર્દી ૧૯૯૯માં શરૂ કરી. ૨૪ ફાઈટસ એક પછી એક એણે જીતી હતી. એમાંની ૨૧માં તો પ્રતિસ્પર્ધીને 'નોક આઉટ' કરેલા. એણે ૨૦૦૮માં પોતાની આત્મકથા Reach ! લખી. Amreican Gladiators અને Dancing with the stars જેવા પ્રેરણાદાયી TV પ્રોગ્રામો તેણે આપ્યાં. એનો સંદેશ હતો : Nothing is Imposiible!




*મહંમદ આલી લયલા સાથે.*

પંડિત જવાહરલાલ નહેરુ (૧૪ નવેમ્બર ૧૮૮૯- ૨૭ મે ૧૯૬૪)નું જીવન ભવ્ય હતું. ઈંદીરા પ્રિયદર્શની ગાંધી (૧૯ નવે. ૧૯૧૭- ૩૧ ઓક્ટો. ૧૯૮૪) અને રાજીવ ગાંધી (૧૯૪૪- ૧૯૯૧)નો જીવનપંથ નહેરૂજીએ કંડાર્યો.નહેરુજી નોન- એલાઈન્ડ નેશન્સ મુવમેન્ટના સ્થાપક હતા. 'In His Footsteps'માં આવા ૨૧૮ પિતા-પુત્ર અને પિતા-પુત્રીઓનાં પ્રેરણાદાયી જીવનની ઝાંખી ફોટા સાથે પ્રગટ થાય છે. અલિ અને બેનઝીર ભુત્તો, હેનરી, પીટર અને જેન ફોન્ડા, રવિશંકર અને નોરા જોન્સ, ફિઝિસિસ્ટ નીલ્સ બોહર અને પુત્ર એગે નીલ્સ બોહર, જ્યોર્જ ડબલ્યુ બુશ અને પુત્ર બુશ, ફિલ્મના ક્ષેત્રમાં સીન કોનેરી અને જેસન, કર્ક ડગલાસ અને પુત્ર માયકલ, સંગીતના ક્ષેત્રમાં પોલ અને સ્ટેલા મેક્કાર્ટની, કાર ડિઝાયનર ફર્ડિનાન્ડ પોર્શ અને ફેરી માર્શ - આવા લગભગ ૨૧૮ પ્રેરણાદાયી પિતા-પુત્ર, પિતા-પુત્રીના સફળ જીવનની સચિત્ર ઝરમર તથા તેમના જીવન સંદેશ આ પુસ્તકમાં છે. વિજ્ઞાન, સાહિત્ય, સંગીત, ફિલ્મ, ટીવી, રાજકારણ, બીઝનેસ, કળા અને સ્પોર્ટ'- લગભગ બધાં ક્ષેત્રોમાં સફળ બનેલા નર તથા નારીઓનાં જીવનને સમાવિષ્ટ કરતું આ સચિત્ર પુસ્તક દરેક કુટુંબના બાળકોને પ્રેરણાદાયી બની રહેશે. ૧૧૦ રંગીન તથા બ્લેક એન્ડ વાઈટ ફોટા તથા ઈંગ્લીશ, ફ્રેંચ અને ડચ ભાષાના સુવાક્યોથી આ પુસ્તક સમૃદ્ધ છે.



*પિતા, પુત્રી અને પૌત્ર*

**In His Footsteps : By** Birgit Krols. **Publishers: Tectum.** ISBN: 978-90-79-761-654. £ 30.00.1



*એલ્વિસ પ્રિસલી અને લિસા મેરી !*